





સ્વાર્થના પતંગે આરોપોની ઢીલ અપાય છે,
મહત્ત્વાકાંક્ષાના મેદાને સંબંધો કપાય છે,
મપાય છે બિજ્ઞી, વિરોધીઓને મળે છે 'વિવાદ'
ઢંઢેરાને બહાને અંગત-સ્વાર્થ સ્થપાય છે

'બંદોબસ્તમાં'
પોલીસ કૂટાય ને
પ્રજા લૂંટાય..

સત્તા 'ખેલ'માં,
ને પોલીસો જેલમાં
ગુંડા ગેલમાં..




## ચિંતન

*ઉપકર્તું પ્રિયં વક્તું કર્તું સ્નેહમ્ અકૃત્રિમમ્ ।*
*સુજનાનાં સ્વભાવો અયં કેનેહુ શિશિરી કૃત ॥*

આ શ્લોકમાં સ્વાભાવિક, કુદરતી, નિર્દંભ સ્નેહ આચરણ-અભિવ્યક્તિની વાત કરવામાં આવી છે :

'ઉપકાર કરવો, પ્રિય વચન બોલવાં, તદ્દન સ્વાભાવિક રીતે જ સ્નેહ દર્શાવવો, એ સજ્જનોનો સ્વભાવ છે - જેમ કે ચંદ્ર શીતળ કોણે બનાવ્યો? એ પોતાના જન્મજાત-કુદરતી પ્રકૃતિથી જ-સ્વભાવથી જ શીતળ છે.'

કેટલાંક લોકો સ્વભાવે જ દંભી જુઠાં અને બનાવટી હોય છે એમના બોલવા-ચાલવા અને અભિવ્યક્તિમાં નર્યો દંભ છલકાતો હોય છે એમનો સ્નેહ-પ્રેમ-વાત્સલ્ય પણ અકુદરતી હોય છે.

સાચા સ્નેહની અભિવ્યક્તિને શબ્દો-કુત્રિમ-હાવભાવ દેખાડાની જરૂર જ નથી હોતી-એમની ખૂશી-આભાર વ્યક્ત કરવામાં ઘણીવાર તો જાણે લેખિત 'પ્રમાણપત્ર' આપતાં હોય એમ 'શબ્દો' ના શણગાર ઓઢાળી આભારને ગૂંગળાવી નાખે છે.

ખૂશી-આનંદ-પ્રેમ હૃદયના ભાવ અને આંખથી જ વ્યક્ત થઇ શકે. સમજનારા એ માત્ર પલકાર વાંચી પામી જાય છે એને 'નિબંધ'ની જરૂર રહેતી નથી. એવી જ રીતે ગુસ્સો વ્યકત કરવા ગાળાગાળી-લાઠી-બંદૂકની જરૂર નથી. એ પણ મુખભાવથી વર્તી શકાય છે.

જે લોકો દંભી છે એમને શબ્દોની જરૂર પડે છે.

## સુવિચાર

- સંસારને સત્તા આપવાથી સંયોગ-વિયોગ થાય છે અને મહત્તા દેવાથી સુખ-દુઃખ થાય છે **- માનસસૂત્ર**
- નથી કોઇ ઘંઘો નથી કોઇ ઘાપો, નથી કોઇ થાણું કર્યું કે ઉથાપો, હવાશી જીંદગી હવે ચાલી જવાની, બધું બાળી બેઠા પછી શો બળાપો? **- મકરંદ દવે**
- સુખ કયાંક બીજે અને આપણાથી દૂર છે એવું માનવામાં જ દુઃખ અને વિષાદ છે **- ઝેન કથન**
- નિશ્ચિત કોઇ ઘ્યેય લઇને ચાલનારા લોકોએ પ્રતિપળ સજાગ રહેવું જ પડે.. જો તેઓ પરિસ્થિતિ સાથે કોઇને કોઇ સમાધાન કરતાં રહે તો તેઓ કયાંય પહોંચી શકતા નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- બધા જીવોમાં પરિપૂર્ણ એક પરમાત્મા તત્ત્વ ને જોવું એ સતસંગ છે **- જનક મહારાજ**
- સાધના સ્વયંથી થાય છે, મન, બુદ્ધિ ઇન્દ્રિયોથી નહીં **- રજનીશ**
- મનુષ્ય પોતે તો ભોગી બને છે પણ બીજાઓને ત્યાગી જોવા ચાહે છે. આ અન્યાય છે. જો તેને ત્યાગી સારા લાગે છે તો તે પોતે ત્યાગી કેમ નથી થતો? **- જૈન સૂત્ર**

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

તપ અને સાધનાથી સિદ્ધિઓ મળતી હોય છે પણ ઘણીવાર આવી સિદ્ધિઓ પ્રસિદ્ધિ અને અભિમાનનો માર્ગ પકડી લઇ પતન તરફ પણ લઇ જાય છે. તપની સાથે નમ્રતા અને વિવેક પણ જરૂરી છે.

સૂફી સંત બાયઝીદ બસ્તાની ખૂબ જ નમ્ર અને વિવેકી હતા. એમણે બાવીસ વર્ષ સુધી એકાંતમાં તપ અને આરાધના દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

કોઇ વાર સત્સંગ સભામાં, કોઇએ એમને એમનાં ગુરૂ કોણ છે - એ બાબત પૂછ્યું.

બાયઝીદ કહે એક 'અભણ-ગરીબ વૃદ્ધા' જ મારી ગુરૂ છે.' સૌને આશ્ચર્ય થયું. ફરી કોઇએ પૂછ્યું 'એ કેવી રીતે?'

બાયઝીદ કહે મને તપ-આરાધનાથી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત હતી પણ એનો સદુપયોગ આવડતો નો'તો. એકવાર ગરીબ-વૃદ્ધા મને જંગલમાં મળી-બાજુના શહેરમાંથી શાકભાજી અને લોટનું પોટલું માથે લઇને જતી હતી. થાકી હતી. મને યુવાન જોઇ એણે કહ્યું, ભાઇ મારૂં આ પોટલું ઊંચકીને મારા ઘર સુધી પહોંચાડી દે ને!

મેં તરત જ મંત્ર બોલી વાઘને બોલાવ્યો તેની પીઠ પર પોટલું ગોઠવી એ આ વૃદ્ધાને ઘેર પહોંચાડવાની સૂચના આપી.

વૃદ્ધા બોલી, 'રહેવા દે ભાઇ, તારો જેવા નિર્દય અને ઘમંડીની મદદની મને જરૂર નથી. મેં પૂછ્યું કેમ? વાઘ જેવા નિર્દોષ પ્રાણીને તેં તકલીફ આપી એટલે નિર્દય-અને સિદ્ધિનું પ્રદર્શન કર્યું - એટલે ઘમંડી.'

મારી આંખ ઉઘાડનાર એ વૃદ્ધાને હું 'ગુરૂ' માનું છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# દામિની મને માફ કરી દે, તારી આવી દશા કરવા હું જ જવાબદાર છું, હું અપરાધી છું તેમજ તારો ગુનેગાર પણ છું, મેં વગર વિચાર્યે તને ખૂબ જ અન્યાય કર્યો છે

**પ્રાયશ્ચિત**
**લઘુ નવલકથા**
***- નિરંજન ઓઝા***

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના મણકા ગામમાં આવેલ ઇશ્વરીયા કોલેજમાં પ્રો. યશવંત રાય કાર્યરત છે. તેઓ એકાદ વર્ષમાં જ નિવૃત્ત થનાર છે તેમના ઘર્મપત્નીએ પણ દરરોજ પ્રભુના દર્શન કર્યા પછી જ અન્ય પ્રવૃત્તિ કરવાનું વ્રત લીધેલ હોય છે. મોટી ઉંમરે દોરા-ધાગા, તેમજ મંત્ર-તંત્રની માયાજાળમાંથી પસાર થયા પછી પુત્રી નામે દામિનીની પધરામણી થઇ છે. નાનપણથી જ ખુબ લાડકોડમાં ઉછરે થયો છે. દામિની ઇતર પ્રવૃત્તિ જેવી કે ડ્રોઇંગ, નૃત્ય વક્તૃત્વકળા વિગેરેમાં ખૂબ જ આગવું સ્થાન ધરાવતી હોવાથી, શાખાના કાર્યક્રમ વખતે તેની એકાદ આઇટમનો હોય જ. આવી દામિની આજકાલ કોલેજમાં પ્રથમ વર્ષ આર્ટસમાં અભ્યાસ કરે છે. કોલેજનો વાર્ષિક દિનની ઉજવણી કરવાની હોવાથી, કલાકારો ભેગા થાય છે. તેમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો 'મહેશ' અગ્રેસર છે તે નમ્ર સ્વભાવનો તેમજ પ્રથમ દૃષ્ટિએ ગમી જાય તેવો સાધારણ કુટુંબમાંથી આવેલ યુવક છે. તેની બોલવાની છટા તથા રમુજી સ્વભાવને લીધે દામિની તેની તરફ આકર્ષાય છે. અવારનવાર મહેશ-દામિની નાસ્તા માટે ભેગા થાય છે અને કોઇ કોઇ વખત કાર્યક્રમમાં રિહર્સલમાં વધારે સમય જતા, હોટલમાં જમવા પણ સાથે રહે છે. દામિની પુખ્તવયની થતાં માતા-પિતાએ પણ તપાસ આરંભી દીધી હોય છે. આમ પોતાની દીકરી સારા ઘરે પ્રસ્તાવિત થાય તેવી તેમની મહેચ્છા છે.

પરંતુ દામિની જયારે ત્રીજા વ્રષની આર્ટસની પરીક્ષા પસાર કરી લે છે. ત્યારે પોતાના માતા-પિતા સમક્ષ મહેશ સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુકે છે. ત્યારે માતા-પિતાને આશ્ચર્ય સાથે આઘાત લાગે છે કારણ કે પોતાની લાડકી દીકરી માટે ઘણાં જ સારા ઘરની આશા રાખી હતી. આમ બંને જણાં વિરોધ કરે છે. ઘરમાં રમખાણની પરિસ્થિતિ સર્જાય છે. દામિની તેના વિચારોમાં મક્કમ છે અને મહેશ-દામિની બંને પરિવારજનોના વિરોધ છતાં રજીસ્ટર્ડ મેરેજ કરે છે. પરિવારજનોનાં સંબંધોનો આમ અંત આવે છે.

મહેશ તેના રમુજી સ્વભાવથી દામિનીનું મન જીતી તેને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે. વર્ષમાં બે વખત પ્રવાસમાં લઇ જઇ ફેરવે છે. ડાર્લિંગ - ડાર્લિંગના સંબંધોના સંબોધનથી પ્રવાસનું આયોજન કરે છે. દામિની, મહેશના આવા અતિશય લાગણીસભર તેમજ પ્રેમાળ સ્વભાવથી ખુબ જ ખુશ છે તેને ધાર્યું ન હતું તેટલો પ્રેમ મહેશ આપી રહ્યો છે. તેથી કેટલીક વખતો આવા પ્રેમાળ મહેશનાં સ્વભાવને લીધે મનોમન ભગવાનને પ્રારથના કરતી કે આવતા જનમમાં પણ આવો ભરથાર મળે.મહેશ આ દરમિયાન દામિનીને કલકત્તા, નેપાળ, સિક્કીમ,દાર્જીલીંગ વિગેરે સ્થળોએ ફેરવ્યા પછી જમ્મુ - કાશ્મીરના પ્રવાસે જવાનો પ્રસ્તાવ મુકે છે ત્યારે દામિની શરમાતાં શરમાતાં ના પાડે છે. કારણ કે હવે, થોડા સમય પછી નવા મહેમાન આવવી જાણ કરે છે. મહેશ ઘણો જ ખુશ થાય છે અને બીજે જ દિવસે, ભાવગરની મશહૂર પ્રસુતિગૃહમાં નામ લખવી લે છે. પહેલાં બે - બે મહિને ત્યારબાદ દરેક મહિને તપાસ કરાવવાનું જાણી લે છે કે જેથી ડિલીવરીમાં તેમજ બાળકને વાંધો આવે નહિ. પરંતુ ડોકટર સાહેબે જે તારીખ ડિલીવરી માટે આપી હતી તે પહેલાં એક રાત્રે લગભગ ૧૦-૧૧ વાગે દામિનીને તકલીફ શરૂ થાય છે તેથી પ્રસુતિગૃહના દવાખાને લઇ જતાં ડોકટરે તપાસી, મહેશને જાણ કરી કે તકલીફ વધારે છે અને સિઝેરીયન કરી, બાળક - માતાની, તબિયત બચાવી પડશે. બ્લડની પણ જરૂરત પડશે. આ સાંભળી મહેશ એકલો હોવાથી કોણ મદદે આવશે તે વિચારી ગાંડા જેવો થઇ જાય છે. આ દરમિયાન મહેશની આ પરિસ્થિતિ થવાથી તેની પાસે દવાખાનામાં એક સુક્કલકડી માણસ આવે છે અને મુશ્કેલી અંગે પુછે છે તેમજ મદદ માટે જાણ કરે છે. ડોકટર સાહેબ આવેલ આગંતુકનું બ્લડ માન્ય રાખે છે અને બીજી બે બોટલ બ્લડની તૈયાર રાખવા જણાવે છે. બ્લડ આપ્યા પછી, આગંતુક બીજી બે બોટલ માટે પણ સાથે આવવા જણાવે છે કારણ કે બ્લડ મેળવવાની જગ્યા નજીક જ હોય છે. આમ દામિની તથા નવી આવેલ દીકરી મહેમાનનો જીવ બચી જાય છે.

બે દિવસ પછી દામિનીને જયારે ડિસ્ચાર્જ કરતી વખતે ડોકટર સાહેબ મહેશને પુછે છે કે તમારૂં એરેન્જ મેરેજ છે કે પ્રેમ લગ્ન. મરેશ આશ્ચર્ય સાથે ડોકટર સાહેબને પુછે કે કેમ ડોકટર સાહેબ આવું પુછવું પડયું? તેના પ્રત્યુતરમાં ડોકટર સાહેબ જણાવે છે કે તમારા પત્નીને એચ.આઇ.વી. પોઝીટીવ રીપોર્ટ છે. આ સાંભળી એક શંકાનો કીડો મહેશના મગજમાં પ્રવેશ કરે છે, તે મનોમન વિચારે છે કે આખરે અમારાં તો પ્રેમલગ્ન જ હતા તેથી પોતાના ગેરહાજરીમાં દામિની શું આવા ધંધા કરતી હશે, મે તેને પ્રેમ આપવામાં શું બાકી રાખ્યું છે? આમ મહેશનું મન ચક્રાવે ચઢે છે અને દામિની માટે ખરાબ વિચારતો થઇ જાય છે. દામિનીને ઘરે લાવ્યા પછી - કુલટા મને અંધારામાં રાખ્યો, ગોરખધંધા કર્યા વિગેરે આક્ષેપો કરતો થઇ ગયો. દામિનીને પણ મહેશનાં સ્વભાવમાં આવેલ પરિવર્તનથી ઘણો જ આઘાત લાગે છે. સર્વપ્રથમ તેને લાગે છે કે દીકરી આવવાથી, આવો સ્વભાવ થઇ ગયો હશે તેથી અવારનવાર મહેશને કહેતી કે મનુષ્ય યત્ન ઇશ્વરકૃપા. તેની પાસે કોઇનું ચાલતું નથી. આ બધી માયા તો ઇશ્વરની છે પરંતુ મહેશના મગજમાં બીજા વિચારો દોડે છે. મહેશ સ્વભાવને લીધે અર્ધ-ગાંડા જેવો થઇ જાય છે તેથી તેની ઓફીસની ગેરહાજરીને લીધે, તેને સમજાવવા મિત્રો ઘરે આવે છે પરંતુ દામિની માટે એક જ ધુન લાગી હોવાથી, બીજું કંઇ પણ વિચારતો નથી રોજે રોજ મહેશના આવા કડવા વચનથી તેમજ તેના વાણી અને વર્તનમાં આવેલ બદલાવથી દામિની ત્રાસી જાય છે અને એક દિવસ નાની દીકરી સાથે ગૃહ ત્યાગ કરી, ભાવનગરમાં તેના દૂરના વિધવા ફોઇને ત્યાં જતી રહે છે, તેના ફોઇ પણ એકલાં હોવાથી, આ પરિસ્થિતિમાં દામિનીનો સ્વીકાર કરે છે.

દીકરી અઢી વર્ષની થતાં, દામિની એકલતાં અનુભવતી હતી તેમજ માનસિક - શારીરિક રીતે પણ અશક્ત થઇ ગઇ હોવાથી તબીયત લથડે છે અને તેવી પરિસ્થિતિમાં અવસાન પામે છે.

આવા સમયે મહેશના મિત્રો તેને સમજાવવા ઘરે આવે છે પરંતુ એકનું એક જ રતન કરતાં મહેશ, દામિનીના આખરી સમયે પણ જતો નથી. આ બનાવને બે કે તેથી એકાદ દિવસ થયા પછી મહેશનો એક અંગત અને જીગરી દોસ્ત મહેશની ખબર કાઢવા માટે છે અને ઓફિસે ફરીથી આપવાનું સમજાવે છે પરંતુ મહેશ એકનો બે થતો નથી. ત્યારે મિત્ર ખરેખર પરિસ્થિતિ વર્ણવતા જણાવે છે કે હું તેને મળ્યો હતો ત્યારે ડોકટર સાહેબે ખરેખર પરિસ્થિતિ અંગે જણાવતાં કહ્યું હતું કે દામિનીની ડિલીવરી સિઝેરીયનથી કરવી પડી હતી. તેથી દિકરીને કોઇ તકલીફ ન હતી. પરંતુ ડિલીવરી સમયે ઘણું જ બ્લડ વહી ગયું હતું તેથી બ્લડની જરૂરત પડે તેને જે બ્લડ આપવામાં આવ્યું હતું. તે બ્લડ એચ.આઇ.વી. પોઝીટીવ વાળુ હતુ તે પાછળથી જાણવા મળ્યું હતું. તેથી ત્યારબાદ દામિનીને એચ.આઇ.વી.ની તકલીફ ન હતી.

આ સાંભળી મહેશ જાણએ તંદ્રામાંથી જાગૃત થયો હોય તેમ મિત્રને કહે છે કે શું કહ્યું તે? દામિનીને ડિલીવરી પહેલા કોઇ જ તકલીફ ન હતી? ત્યાર પછી જ બ્લડનો ચેપ લાગ્યો હતો? કશું યાદ કરતો હોય ત્યાર પછી મહેશ તેના મિત્રને કહે છે એ સમયે હું એટલો બધો ગભરાઇ ગયો હતો કે હું પોતે બ્લડ લેવા જઇ શકું તેમ ન હોવાથી, મારી મુશ્કેલી/તકલીફ જાણી, એક ભાઇ આવ્યા હતા તેને મે બ્લડ આપવા વિનંતી કરી હતી, તેનું બ્લડ આપવામાં આવ્યું હતું અને તેની સાથે જઇને બીજી બે બોટલ બ્લડ મેં મેળવ્યું હતું, હકીકતમાં તે બ્લડ માટે હું જ જવાબદાર છું અને મારે લીધે જ દામિનીની તકલીફ વધી ગઇ હતી, આમ દામિનીને મેં જ મારી નાખી છે અને તેનો અફસોસ હવે મહેશને થાય છે. તે ઉભો થાય છે અને સામે લટકાવેલ શિવ ભગવાનના ફોટા પાસે ઉભો રહી, જાણે દામિનીને કહેતો હોય તેમ બોલે છે કે દામિની મને માફ કરી દે, તારી આવી દશા કરવા હું જ જવાબદાર છું. હું અપરાધી છું તેમજ તારો ગુનેગાર પણ છું. મેં વગર વિચાર્યે તને ખૂબ જ અન્યાય કર્યો છે, તને પાછી તો મેળવી શકું તેમ નથી પરંતુ આપણી દીકરીને ઉછેરવાની જવાબદારી આજથી લઉં છું. દામિની મને માફ કરી દે, તેમ બોલી પોતાના મિત્ર સાથે, વિધવા ફોઇબાના ઘરે દોડી, દીકરીને મેળવી લે છે.

સમય પાણીની માફક વહી જાય છે આજે ૬૫ વર્ષની પાકટ ઉંમરે મહેશ પહોંચ્યો છે, દીકરીને ભણાવી ગણાવી, ભાવનગરના પોશ એરિયા એવા ઘોઘા સર્કલ પાસે આવેલ પ્રણવ ફ્લેટમાં રહેતા જ્ઞાતિજનના સમૃદ્ધ ઘરે પરણાવ્યા પછી, શેષ જીવન દામિની-દામિની નામની માળા જપતો 'પ્રાયશ્ચિત' કરી રહ્યો છે.

# છોકરાઓએ વિચાર કર્યો કે શહેરમાં જઇને ડોકટરને બતાવી દઇએ, ટ્રેક્ટરમાં ખાટલીમાં સુવાડીને દવાખાને લઇ ગયા

**સમાચાર સેતુ**

છેલ્લા ૧૭ વર્ષથી અવિચળ કાર્યરત એવી ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૧૨-૧-૨૦૧૪ને રવિવારના રોજ ખુશનુમા ઠંડીના વાતાવરણમાં સેક્ટર-૧૬ ખાતેના 'બ્રહ્મ ભવન'માં, બ્રહ્મ સમાજ, ગાંધીનગરના સદ્ભાવથી, સંસ્થાના પ્રમુખ દોલતભટ્ટના અધ્યક્ષસ્થાને સંપન્ન થઇ.

સૌ પ્રતમ, શબદની સંગની - વીણાધારિણી મા શારદાની સ્તુતિ વંદનાથી સભાની શુભ શરૂઆત કરવામાં આવી અને અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત સર્વેનું હેતાળવા ઉમળકાથી સ્વાગત કર્યું અને આ માસમાં જેઓના જન્મદિન આવતા હતા. તેઓને અંતરના અભિનંદન પાઠવ્યા. અને આગામી તા. ૯મી ફેબ્રુઆરી ને રવિવારના રોજ યોજાનાર વાર્ષિક કાર્યક્રમની રૂપરેખા આપતાં જણાવ્યું કે, 'દર્શક'ની જન્મ શતાબ્દિ અંતર્ગત યોજનાર આ કાર્યક્રમ આખા દિવસનો રહેશે અને તે 'બ્રહ્મ ભવન', સેક્ટર-૧૬ ખાતે યોજાશે જેમાં :-

(૧) સાહિત્ય અને શિક્ષણમાં દર્શકનું પ્રદાન - અરૂણભાઇ દવે, (૨) ચારણી સાહિત્ય અંગે - અંબાલાલ રોહડિયા (૩) વહીવટમાં સાહિત્યનો અભાવ - જયંતિ રવિ (આઇએએસ) (૪) સંસ્કૃત સાહિત્ય અંગે - હેમાંગિની ઘુઘરાવાલાનાં વકતવ્યો રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સંસ્થાના સભ્યોને જ સાહિત્યિક કીટ આપવામાં આવશે. ગેરહાજર રહેનાર સભાસદોને મળશે નહી.

આ વાર્ષિક કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ, સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તેજ દિવસે, અને તેજ સ્થળે મળશે; જેમાં 'સાહિત્ય ભવન' બનાવવા માટે જમીન મેળવવા અંગેનો ઠરાવ તથા અન્ય બાબતો અંગેના ઠરાવો કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આર.સી. હાઇસ્કૂલ, કડી કેમ્પસના પ્રો.ડો. સોમાભાઇ પટેલ દ્વારા યોજવામાં આવેલ 'શીઘ્ર વાર્તા લેખન' સ્પર્ધામાં વિજેતાઓ

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
***સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'***

(૧) અનીતાબેન ડી. પરમાર (એફ.વાય.બી.એ અંગ્રજી) તથા

(૨) અંજનાબેન પી. બારોટ (ગ્રંથપાલ - નર્સિંગ કોલેજ) ને અધ્યશ્ર દોલત ભટ્ટના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યો.

ત્યારબાદ લેખકો/કવિઓએ તેઓની નીચે પ્રમાણે, સ્વરચિત લેખો/કૃતિઓ રજૂ કરી, જે સર્વએ મનભેર માણ્યા.

(૧) રમણભાઇ એમ. શ્રીમાળી - 'સંદેશ સ્વામી વિવેકાનંદનો'
(૨) ડો. સોમાભાઇ સી. પટેલ - 'કયાં છે નાગરિક?'
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - 'માનવતા મરી પરવારી!'
(૪) મહેન્દ્રભાઇ રાઠોડ - 'બચ્યું'
(૫) ભરતભાઇ પાઠક 'નયન' - લખુકથા - 'પલંગ'
(૬) ગુલાબચંદ એન. પટેલ - 'સ્વામી વિવેકાનંદનો શુદ્ર પ્રેમ'

**લઘુકથા સેતુ : પલંગ**

સંતોકમા એકાદ-બે દિવસથી બીમાર રહેતા હતા. થોડીક હાડકળતરની ફરિયાદ કરે. વાડીએ એક ખાટલીમાં સુંવે - બેસે અને છોકરાના છોકરાને રમાડે, તેને વાર્તાઓ કહે. તો વાર્તાઓ કહે, તો વળી, વહુઓ છૂટી રહે, અને ખેતીનું કામ કરે એ માટે ઘોડિયાની દોરી તાણતા જાય અને હાલરડાં બોલતાં જાય.

છોકરાઓએ વિચાર કર્યો કે શહેરમાં જઇને ડોકટરને બતાવી દઇએ. ટ્રેક્ટરમાં ખાટલીમાં સુવાડીને દવાખાને લઇ ગયા. ડોકટરનાં કહેવા મુજબ બ્લડ - યુરીન ટેસ્ટ કરાવ્યા. અને દાખલ પણ કરી દીધા. બે દિવસ રાખ્યાં, રીપોર્ટ નોર્મલ હતા. બીજા દર્દીઓ આવતા સંતોકમાને જનરલ વોર્ડમાંથી 'માજીને સારૂં છે' કહીને રજા આપવામાં આવી.

સંતોકમા કહે 'મને તો ખબર હતી જ કે મને તો પાણાય પડતા નથી. મારે વળી મડદાને મોતનો શો ભય?' ટ્રેક્ટરમાં વાતચીત કરતા છોકરાઓની વાત સાંભળી ગયા કે બે દિવસનો ખર્ચ ત્રણ હજાર થઇ ગયો. એમાં પલંગનો ચાર્જ દરરોજનો પાનસો રૂપિયા હતો! તે બે દિવસના હજાર રૂપિયા થયા. તે સાંભળીને માજી બોલ્યાં :'આ હાથે બનાવેલી તારા બાપની ખાટલીમાં સીતેર વરસ થઇ ગયા અને પેલા લોખંડના પલંગના હજાર રૂપિયા થયા? અને પલંગ તો પાછો ડોકટરનો જ રહ્યો ને! તે તમે મને આ ખાટલીમાં જ દાખલ કરી હોય તો!!?'

***- ભરત પાઠક 'નયન'***

**કાવ્યસેતુ : કયાં છે નાગરિક ?**

શોધું હું ખુલ્લી હવામાં
કયાં છે નાગરિક?
સંત શિરોમણીમાં ને નમ્ર ભક્તમાં
કુશળ વક્તામાં ને શ્રદ્ધાવાન શ્રોતામાં, શોધું હું.
ઉન્મુક્ત ટોળામાં ને શાણી સભામાં
ભોળા બાળકમાં ને ચંચળ કિશોરમાં, શોધું હું
પરિપક્વ ઉમેરોયાં ને હોરાઓનાં સ્તરોમાં
આબાલવૃદ્ધ સર્વમાં, ન જડે નાગરિક કયાંક મળે
શોધું છું
મંદિર દ્વારે ઉતારેલ પગરખાંમાં
ચમકતી ગાડીઓમાં ને ઘસમતી ટ્રેનોમાં
રંગીન મેળાવડાઓમાં ને મોઘા જમણવારોમાં, શોધું હું
પ્યાસ બુઝવતી પરબોમાં ને સુવિધા સાચવતાં શૌચસ્થળોમાં
લાંબી કતારોનાં ભંગારમાં ને કચરો ફંગોળતી આંખોમાં શોધું હું.
છેવટે નાગરિક શાસ્ત્ર શીખવતા શિક્ષકમાં ન જડે નાગરિક મને
જડે નાગરિક મને
પરીક્ષાના ઉત્તરપત્રમાં
પસ્તી થઇ પલાયન થઇ જતો
પુસ્તકમાં ને બંધારણમાં બંધાઇ ગયો નાગરિક
શોધું હું ખુલ્લી હવામાં
કયાં છે નાગરિક?

***- ડો. સોમભાઇ સી. પટેલ***

**માનવતા મરીપરવારી!**

ભક્તિને નામે ભોગળ ભીડાયાં, સ્વાર્થે થયા સૌ અંધ,
ધર્માલિયો ચોમેર બંધાયાં; તૂટ્યા માનવ સંબંધ!
બાંગ પોકારી અલ્લા આરાધે, ફરે રાખી ગન કંધ,
માનવ માનવને હણે; તૂટ્યા માનવતાના બંધ!
જપ-તપના નામે છૂતાછૂત રાખે, ફરે પરસ્ત્રી સંગ,
પ્રભુના નામે કરો પોકારો, શીલે ત્યજયો શ્વેતરંગ!
ધર્મના નામે ધતિંગ વધ્યાં, કર્યો અનીતિનો સંગ,
કુકર્મોએ માઝા મુકી ને બદલાયો જીવનરંગ!
માનવો હલાલ થાય છે, ને થડકે કોઇનું અંગ,
ભ્રાતૃભાવ કયાંથી જળવાયે, ઇર્ષ્યાની દિવાલ અકબંધ!
ભાઇ, ભાઇનો વેરી થયો ને માતા ગઇ હેત ચૂકી,
દિલ બન્યાં કાળમીંઢ પથ્થરશાં, 'દધિ'એ માઝા મૂકી!
માનવતા મરી પરવારી ને દયા ગઇ
સારપની સરવાણી કયાંથી વહે? સ્નેહશૈલ ગયો સૂકાઇ!

***- મૂળજીભાઇ પરમાર 'દધિ'***

# બધાના લોહીનો રંગ લાલ જ હોય છે, એમાં કોઈના નાતજાતની કદી અસર નથી હોતી

**લોહીનો રંગ**
***- જય ગજ્જર***

વિનાયક હોસ્પિટલમાંથઈ આવી કારમાં બેઠા.

ડ્રાઇવર છગને પૂછ્યું, 'ભાઇને કેમ છે? સરલાબેન ભાઇ પાસે રહેવાનાં છે?'

વિનાયક માનસિક વ્યથામાં હોઇ કંઇ જવાબ ન આપ્યો એટલે છગનને ચિંતા થઇ. દસ વર્ષથી એ શેઠને ત્યાં નોકરી કરતો હતો એટલે એમના કુટુંબ સાથે આત્મીયતા બંધાઇ હતી. એ બહુ હોંશિયાર ડ્રાઇવર અને ઘરનો વિશ્વાસુ નોકર હતો. એક પૂજાની રૂમ સિવાય એ ગમે ત્યારે ગમે ત્યાં જઇ શકતો. સેઠ બહુ ધાર્મિક, રૂઢિચુસ્ત અને નાતજાતમાં દૃઢ પણે માનતા હતા. પોતે નિયમિત રાધાકૃષ્ણના મંદિરે જતા. પણ છગનને બહાર કારમાં બેસી રહેવા સૂચના આપતા. છગન સમજી જતો કે પોતે હલકી વરણનો છે એટલે શેઠ ના પાડતા. પણ એથી શેઠ પ્રત્યેનાં માન અને વ્યવહારમાં કંઇ ફેર ન પડ્યો. પોતે હલકી વરણનો હતો એનો કયારેય અજંપો અનુભવતો. કયારેક શેઠને ઘેર જમી લેવા શેઠ આગ્રહ કરતા. શેઠનું માન રાખવા એ તૈયાર થયો. પણ શેઠ એને બહાર પરસાળમાં બેસવા સૂચના આપતા ત્યારે આઘાત લાગતો પણ મન મનાવી લેતો, 'હું હલકી વરણનો છું એટલે શેઠ પાસે બેસીને તો ન જ જમાય ને?'

એથી શેઠ પ્રત્યેનો વ્યવહાર ન બદલાતો, એ બહુ દયાળુ હતા. એક વાર એની મા માંડી પદી તો પાંચ હજાર રૂપિયા એન્ડવાન્સ લોન પેટે પણ આપેલા. ત્યારથી એનાં પ્રેમ અને લાગણી અનેક ગણાં વધી ગયેલાં. મોટા દીકરા રાખેશને છગન માટે બહુ લાગણી. એના પર નવા જમાનાની પૂરી અસર! એ બહાર પરસાળમાં જમવા બેસે એ એને ખૂચતું. કયારેક એ વિરોધ પ્રદર્શિત કરે, 'ડેડી, અમે કોલેજમાં કે રેસ્ટોરાંમાં એક જ ટેબલ પર બેસી બધા જ સાથે નાસ્તાપાણી કરીએ છીએ. હરિજન કે હલકા વરણનો ભેદભાવ રાખતા નથી. તમે કેમ આવા ભેદભાવ રાખો છો?'

'તું બહુ ડાહ્યો ન થા! બહુ ભણાવ્યો એમાં બહુ બગડતો જાય છે! આવી બાબતમાં ચૂપ રહેતા શીખ. તારા ડેડી આ ઘરમાં કદી કોઇ હલકા વરણનાને પ્રવેશવા જ ન દે! છગનની વાત જુદી છે. એને નોકરી રાખ્યો ત્યારે એની નાતજાત જાણતો નહોતો. તારા દાદાના દબાણને કારણે નાતજાત વિશે કંઇ વિચારવાનું સૂઝ્યું નહોતું. પણ એ પછી બહુ મોડું થઇ ગયું હતું!'

ડેડી સાથે આગળ દલીલ કર્યા વિના ગુસ્સામાં પોતાની કાર લઇ બહાર નીકળી પડ્યો. એકાએક કંટ્રોલ ગુમાવતાં એક ટ્રક સાથે અકસ્માત સર્જાયો. એમ્બ્યુલન્સ બોલાવી પોલીસે એને હોસ્પિટલમાં ખસેડ્યો. વિનાયક અને સરલાને પોલીસના સમાચાર મળતાં હોસ્પિટલ દોડી ગયા. તાત્કાલિક સારવારની રાકેશ બચી ગયો. પણ એના માથામાંથી બહુ લોહી વહી જતાં લોહી આપવાની જરૂર જણાઇ. ચારે બાજુ તપાસ કરી પણ કયાંક ઓ પોઝિટિક મળતું નહોતું. મનથી હારી ગયેલા વિનાયક સરલાને રાકેશ પાસે બેસાડી એકબે મિત્રોને ફોન કરવા કારમાં આવ્યા. વિચારોમાં અટવાયેલા વિનાયગે છગનના સવાલો પર ધ્યાન ન આપ્યું.

ફોન પરની બધી વાતો સાંભળી એણે ફરી સવાલ કર્યો, 'રાકેશભાઇને લોહી આપવું પડે એમ છે?'

'હા છગન, પોઝિટિવ બ્લડની જરૂર છે પણ કયાંક મળતું નથી. રાકેશની હાલત બહુ ગંબીર છે!'

એ સાંભળતાં જ છગન બોલ્યો,'મારૂં બ્લડ ઓ પોઝીટીવ છે. હું લોહી આપવા તૈયાર છું. તમને વાંધો ન હોય તો?'

'મારા રાકેશની જિંદગી બચાવવા ગમે તે કરવા તૈયાર છું. મને શો વાંધો હોય?'

'પણ હું હલકી વરણનો છું એટલે મારું લોહી...' એ આગળ કંઇ બોલી શક્યો નહિ.

વિનાયકે એક આંચકો અનુભવ્યો. એમની આંખોમાંથી બોર બોર જેવડા આંસુ ટપક્યાં.

ઝડપથી આંસુ લૂછી એ બોલ્યા, 'બધાના લોહીનો રંગ લાલ જ હોય છે. એમાં કોઇના નાતજાતની કદી અસર નથી હોતી.' 'ચાલ છગન ચાલ જલદી.'

છગન ચૂપચાપ વિનાયકની પાછળ પાછલ હોસ્પિટલમાં ગયો.